# ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી

(સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની સ્વાયત્ત સંસ્થા)

બ્લોક નં.૧૯, ત્રીજિ માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની સ્વાયત્ત સંસ્થા હેઠળ રચાયેલ જિલ્લા બાળ સુરક્ષા એકમ તથા સરકારી વિશિષ્ટ દત્તક સંસ્થાઓમાં દર્શાવેલ જિલ્લાઓમાં ૧૧ માસના કરાર આધારિત હંગામી ધોરણે મંજૂર થયેલ જગ્યાઓ ભરવાની થાય છે. જે માટે નીચે દર્શાવેલ જગ્યાઓ માટે લાયકાત, અનુભવ ધરાવતા અનેતા.૧૫/૧૨/૨૦૧૮ની સ્થિતીએ ૨૧ વર્ષની ઉંમર પુરી થયેલ હોય અને ૪૦ વર્ષથી વધારે ઉંમર ધરવતા ન હોય તેવા ઉમેદવારો પાસેથી અરજી પત્રકો મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | જિલ્લા વાર ખાલી જગ્યા | ફીક્સ પગાર | શૈક્ષણિક લાયકાત | અનુભવ |
|---|---|---|---|---|---|---|
| ૧ | જિલ્લા બાળ સુરક્ષા અધિકારી | ૨ | કચ્છ, રાજકોટ | ૩૩,૨૫૦/- (ફીક્સ) | MRM/MSW/MRS/ મનોવિજ્ઞાન/સમાજશાસ્ત્ર/ એમ.બી.એ (H.R) સાથે અનુસ્નાતક લઘુત્તમ ૫૫% સાથે ઉત્તીર્ણ | શૈક્ષણિક લાયકાતને અનુરૂપ મીનીમમ પાંચ વર્ષનો અનુભવ |
| ૨ | પ્રોટેક્શન ઓફિસર (સંસ્થાકીય સંભાળ) | ૩ | અમદાવા,જુનાગઢ, મોરબી, | ૨૧,૦૦૦/- (ફીક્સ) | MRM/MSW/MRS/ મનોવિજ્ઞાન/સમાજશાસ્ત્ર સાથે અનુસ્નાતક લઘુત્તમ ૫૫% સાથે ઉત્તીર્ણ | શૈક્ષણિક લાયકાતને અનુરૂપ મીનીમમ ત્રણ વર્ષનો અનુભવ |
| ૩ | પ્રોટેક્શન ઓફિસર (બિન સંસ્થાકીય સંભાળ) | ૫ | દાહોદ, જામનગર, મોરબી, નર્મદા, પાટણ | | | |
| ૪ | કાનૂની સહ પ્રોબેશન અધિકારી | ૨ | ગીર સોમનાથ, તાપી | | LLB સાથે લઘુત્તમ ૫૫% સાથે ઉત્તીર્ણ | શૈક્ષણિક બાબત અને વિકાસના ક્ષેત્રે ત્રણ વર્ષનો અનુભવ |
| ૫ | કાઉન્સેલર | ૬ | દાહોદ, દેવભૂમિ દ્વારકા, જામનગર, કચ્છ, રાજકોટ, સુરેન્દ્રનગર | ૧૪,૦૦૦/- (ફીક્સ) | મનોવિજ્ઞાન સાથે અનુસ્નાતક લખુત્તમ ૫૫% સાથે ઉત્તીર્ણ | શૈક્ષણિક લાયકાતને અનુરૂપ બે વર્ષનો અનુભવ |
| ૬ | સામાજિક કાર્યકર (પુરુષ) | ૫ | ગાંધીનગર, કચ્છ, નર્મદા, સુરત, વલસાડ | | MRM/MSW/ MRS/ મનોવિજ્ઞાન/સમાજશાસ્ત્ર સાથે અનુસ્નાતક લઘુત્તમ ૫૦% સાથે ઉત્તીર્ણ | શૈક્ષણિક લાયકાતને અનુરૂપ બે વર્ષનો અનુભવ |
| ૭ | સામાજિક કાર્યકર (મહિલા) | ૧૧ | ભરૂચ, છોટાઉદેપુર, દેવભૂમિ દ્વારકા, ગાંધીનગર, ગીર સોમનાથ, જામનગર, ખેડા, પંચમહાલ, પોરબંદર, વડોદરા, વલસાડ | | | શૈક્ષણિક લાયકાતને અનુરૂપ બે વર્ષનો અનુભવ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૮ | એકાઉન્ટન્ટ | ૫ | છોટાઉદેપુર, દેવભૂમિ દ્વારકા, અમદાવાદ મહિસાગર, સુરેન્દ્રનગર | | B.com/M.com/CA લઘુત્તમ ૫૦% સાથે ઉત્તીર્ણ | હિસાબી કચેરી કાર્યપદ્ધતિના ક્ષેત્રમાં કોમ્પ્યુટરનો ટેલી સાથેનો બે વર્ષનો અનુભવ |
| ૯ | ડેટા એનાલીસ્ટ | ૪ | જામનગર, કચ્છ, ખેડા, મહિસાગર, | ૧૪,૦૦૦/- (ફીક્સ) | કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતક અથવા કોમ્પ્યુટરની ડીગ્રી/ ડીપ્લોમા માં ૫૦% ગુણ સાથે | એમ.એસ.સોફિસ, ઈન્ટરનેટ અને માહિતી વિશ્લેશણ ક્ષેત્રે બે વર્ષનો અનુભવ |
| ૧૦ | આસિ. કમ ડેટા ઓપરેટર | ૫ | અમરેલી, ભરૂચ, ગીર સોમનાથ, જામનગર, કચ્છ, | ૧૦,૦૦૦/- (ફીક્સ) | કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતક/ડીપ્લોમા ઇન કોમ્પ્યુટર(DCA) લઘુત્તમ ૫૦% સાથે CCC ટાઈપીંગ ૪૦ શબ્દ પ્રતિ મિનિટ | એમ.એસ.ઓફિસ અને કોમ્પ્યુટરાઈઝ્ડ ડેટા એન્ટ્રી અંગેનો એક વર્ષનો અનુભવ |
| ૧૧ | આઉટરીચ વર્કર | ૧૦ | કચ્છ, મહેસાણા, મહિસાગર, મોરબી, પોરબંદર, સાબરકાંઠા, સુરત, સુરેન્દ્રનગર(૨), વલસાડ | ૮,૦૦૦/- (ફીક્સ) | BRS/BSW/ મનોવિજ્ઞાન/ સમાજશાસ્ત્ર સાથે સ્નાતક લઘુત્તમ ૫૦% સાથે સ્નાતક સાથે ઉત્તીર્ણ | સરકારી પ્રોજેક્ટ કે સ્વૈચ્છિક સંસ્થામાં અભ્યાસને અનુરૂપ એક વર્ષનો અનુભવ. |
| | કુલ | ૫૮ | | | | |

| સરકારી વિશિષ્ટ દત્તક સંસ્થા ખાલી જગ્યાઓની વિગત | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | જિલ્લા વાર ખાલી જગ્યા | પગાર | શૈક્ષણિક લાયકાત | અનુભવ લાયકાત ઉપરાંત |
| ૧૨ | મેનેજર કો-ઓર્ડીનેટર | ૧ | સુરેન્દ્રનગર | ૧૭૫૦૦/- (ફીક્સ) | MSW/મનોવિજ્ઞાન/સમાજશાસ્ત્ર સાથે અનુસ્નાતક | સરકારી કે સ્વૈચ્છિક સંસ્થાનો ત્રણ વર્ષનો બાળ કલ્યાણ ક્ષેત્રનો અનુભવ અને અંગ્રેજીમાં ભાષા પર સંપૂર્ણ પ્રભુત્વ અને કોમ્પ્યુટરના જાણકાર. |
| ૧૩ | નર્સ | ૫ | અમદાવાદ, ભરૂચ, નવસારી, પંચમહાલ, સૂરેન્દ્રનગર | ૯૦૦૦/- (ફીક્સ) | ડિપ્લોમા ઈન નર્સિંગ | શૈક્ષણિક લાયકાતને અનુરૂપ એક વર્ષનો અનુભવ |
| ૧૪ | આયાબેન (મહિલા) | ૮ | અમદાવાદ(૩), ભરૂચ, પંચમહાલ સુરત(૨), વડોદરા | ૬૦૦૦/- (ફીક્સ) | ૧૦ ધોરણ પાસ | બાળકોને સાર સંભાળ કરવાનો એક વર્ષનો અનુભવ |
| | કુલ | ૧૪ | | | | |

**શરતો:**

| | |
|---|---|
| ૧. | તમામ ઉમેદવારોએ નિયત અરજી પત્રક મુજબ જ અરજી કરવાની રહેશે. અરજી પત્રકમાં કોઇપણ પ્રકારના ફેરફાર કરવા નહિ નિયત નમૂના સિવાયની અરજીઓ રદ ગણવાપાત્ર થશે. |

| | |
|---|---|
| ૨. | ઉમેદવારોએ પોસ્ટ કવર તથા અરજીપત્રક પર જે પોસ્ટ માટે અરજી કરી હોય તેનો જાહેરાતમાં દર્શાવેલ પોસ્ટ કોડ તથા જગ્યાનું નામ અવશ્ય લખવું. |
| ૩. | લાયકાત ધરાવતા ઉમેદવારે ભરેલ અરજી પત્રક જરૂરી શૈક્ષણિક લાયકાત અને અનુભવના પ્રમાણપત્રો પ્રમાણિત નકલ સાથે રજીસ્ટર એ.ડી., સ્પીડ પોસ્ટ અથવા કુરીયર મારફતે "મુખ્ય કારોબારી અધિકારીશ્રી", ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટીને બ્લોક નં.૧૯, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦. ખાતે મોડામાંમોડી તા.૦૫/૦૧/૨૦૧૯ કચેરી સમય પહેલા મળે એ રીતે મોકલી આપવાની રહેશે, ત્યાર બાદ મળેલી અરજી ધ્યાને લેવામાં આવશે નહિ. (અરજી પત્રકનો નમૂનો www.gscpsdsd.in પર થી મેળવી લેવાનો રહેશે.) |
| ૪. | પસંદગી પામેલ ઉમેદવારને ખાલી પડેલ કે પડનાર કોઇપણ જિલ્લામાં નિમણુંક આપવામાં આવશે. |
| ૫. | દરેક જગ્યા માટે કોમ્પ્યુટરની બેઝિક જાણકારી અંગેનું CCC નું પ્રમાણપત્ર ફરજિયાત જોડવાનું રહેશે. |
| ૬. | ઉપરોક્ત ભરતી સબંધિત વિગત માટે કચેરીએ રૂબરૂ/ટેલીફોનિક સંપર્ક કરવો નહિ. |
| ૮. | દરેક જગ્યાઓ માટેનો અનુભવ દર્શાવેલ શૈક્ષણિક લાયકાત બાદનો જ માન્ય ગણવામાં આવશે. |
| ૯. | જાહેરાતમાં આપેલ તમામ જગ્યાઓ વિશેની માહિતી સંકલિત બાળ સુરક્ષા યોજનાની માર્ગદર્શિકામાં થતા તમામ ફેરફારને બંધનકર્તા રહેશે. જાહેરાત આપ્યા બાદ જગ્યાઓમાં સંભવિત જગ્યાઓ ખાલી પડતા વધારો કરવાની તમામ સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીની રહેશે. |
| ૧૦. | દરેક ઉમેદવારે કોઈપણ એક જ જગ્યા માટે અરજી કરવાની રહેશે. અરજી પત્રકમાં પસંદગીના જિલ્લા એકથી વધારે દર્શાવી શકાશે.પરંતુ પંસદગી પામેલ ઉમેદવારને કયા જિલ્લામાં નિમણુંક આપવી તે અંગેનો આખરી નિર્ણય મુખ્ય કારોબારી અધિકારીશ્રીનો રહેશે. |
| ૧૧. | આ જાહેરાત સંબધી ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવી કે રદ કરવી તે અંગેનો અબાધિત અધિકાર મુખ્ય કારોબારી અધિકારીનો રહેશે. |
| ૧૨. | જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની ભરતી/ઇન્ટરવ્યુ/સબંધી કોઈ પ્રકારની માહિતી આપવાપાત્ર રહેશે નહિ. |
| ૧૩. | મળેલ અરજીઓ પૈકી લાયકાત, અનુભવ વગેરેને ધ્યાને રાખીને સ્ક્રુટીની કરવામાં આવશે જેના આધારે ઉપલબ્ધ જગ્યાનાં બે થી ત્રણ ગણી યાદી બનાવી કાર્યવાહી કરવામાં આવશે. |
| ૧૪. | ત્યાર બાદ યોગ્ય ઉમેદવારને પસંદગી માટે ઈન્ટરવ્યુ માટે જાણ કરવામાં આવશે. |
| ૧૫. | આ મુલાકાત/ઈન્ટરવ્યુમાં કોઇપણ જાતના ભથ્થા કે રકમ ચુકવવામાં આવશે નહિ. |
| ૧૬. | જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની સામે દર્શાવેલ જિલ્લામાં ફેરફાર થવાને અવકાશ છે તેની અરજી કરનાર ઉમેદવારે નોંધ લેવી. |

મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.